# : શ્રી ભક્તામર સ્તોત્ર :

પ્રથમ બે ગાથા સાથે વિચારીએ. પહેલી બે ગાથામાં આચાર્યશ્રી માનતુંગસૂરીજી શ્રી આદિનાથ ભગવાનને નમસ્કાર કરીને મંગલાચરણ કરે છે.

## મંગલાચરણ

ભક્તામર - પ્રણત - મૌલિ - મણિ - પ્રભાણા-
મુદ્યોતકં દલિત - પાપ - તમો - વિતાનમ્
સમ્યક્ પ્રણમ્ય જિન-પાદ - યુગં યુગાદૌ,
આલંબનં ભવજલે પતતાં જનાનામ્ (૧)

**શબ્દાર્થ:** ભક્તામર = ભક્ત + અમર = ભક્ત દેવોએ
પ્રણત = નમેલા, મૌલિ = મુગટના, ઉદ્યોતકં = પ્રકાશિત કરનાર
દલિત = નાશ કરનાર, તમો = અંધકાર, વિતાનં = સમૂહનો
સમ્યક્ = સારી રીતે, પ્રણમ્ય = નમસ્કાર કરીને, યુગં = યુગલને
યુગાદૌ = યુગની આદિમાં, આલંબનં = આધારભૂત,
પતતાં = ડૂબતા, જનાનામ્ = લોકોને

**ગાથાર્થ:** ભક્ત દેવોના નમેલા મુગટના મણિઓને પ્રકાશિત કરનાર, પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર તથા યુગના પ્રારંભમાં જ સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા લોકોને આધારભૂત શ્રી જિનેશ્વરના ચરણયુગલને સારી રીતે નમસ્કાર કરું છું.

## મંગલાચરણ

યઃ સંસ્તુતઃ સકલ - વાઙ્‌મય - તત્ત્વ - બોધા -
દુદ્‌ભૂત બુદ્ધિ - પટુભિઃ સુરલોક - નાથૈઃ
સ્તોત્રૈર્જગત્‌ત્રિતય - ચિત્તહરૈ - રુદારૈઃ
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ (૨)

શબ્દાર્થ: યઃ = જે, સંસ્તુતઃ = સારી રીતે સ્તવાયેલ
સકલ = સમસ્ત, વાઙ્‌મય = શાસ્ત્રના, તત્ત્વ બોધાત્ =
રહસ્ય બોધથી, ઉદ્‌ભૂત = ઉત્પન્ન થયેલ, પટુભિઃ = કુશળતાવાળા
સુરલોક = દેવલોકના, નાથૈઃ = ઇન્દ્ર વડે, સ્તોત્રૈઃ = સ્તોત્રો વડે,
જગત્‌ત્રિતય = ત્રણે જગતના, ચિત્તહરૈઃ = ચિત્તને હરનારા,
ઉદારૈઃ = ઉદાર-અર્થગંભીર, સ્તોષ્યે = હું સ્તવીશ, કિલ = નક્કી
અહં = હું અપિ = પણ, તં = તે, પ્રથમં = પ્રથમ, જિનેન્દ્રમ્ = જિનેશ્વરને

ગાથાર્થ: જે (પ્રભુ) સકલ-સમસ્ત શાસ્ત્રના રહસ્યના બોધથી ઉત્પન્ન થયેલ બુદ્ધિની કુશળતાવાળા દેવલોકના સ્વામી ઇન્દ્ર વડે, ત્રણે જગતના લોકોના ચિત્તને હરનારા ઉદાર-અર્થથી ગંભીર સ્તોત્ર વડે સ્તવાયા છે તે પ્રથમ જિનેશ્વર શ્રી આદિનાથને હું પણ સ્તવીશ જ.

ગાથા ૧ અને ૨ નો ભાવાર્થ:

ભક્તામર શબ્દમાં ભક્ત અને અમર એમ બે શબ્દોની સંધિ છે. અમર એટલે દેવ. ઇન્દ્ર વગેરે દેવોનું આયુષ્ય અસંખ્યાત વર્ષોનું હોય છે એટલે તેમને અમર કહેવાય છે. હે પ્રભુ! ઇન્દ્ર વગેરે ભક્ત દેવો જ્યારે આપના ચરણોમાં નમે છે ત્યારે આપના નખની પ્રભા વડે એ દેવોના મુગટના મણિ ચમકી ઉઠે છે. આપના ચરણની દિવ્યપ્રભા પાસે ઇન્દ્રના મુગટમણિ ઝાંખા લાગે છે.

આમાં સૂચવે એ છે કે ભગવાનના નખનો પ્રકાશ ઇન્દ્રના મુગટ ઉપર પડે છે તેમ કહીને ઇન્દ્રના મુગટ કરતાં ભગવાનના ચરણની વિશેષતા બતાવી. દેવોના સ્વામી ઇન્દ્ર પણ આપના ચરણોમાં ભક્તિથી નમે છે અને આપની સર્વજ્ઞતાનું અનુમાન કરે છે. તેથી સમજાય છે કે રાગના ફળરૂપ ઇન્દ્રપદ કરતાં વીતરાગતાથી મળતું સર્વજ્ઞપદ જગતમાં શ્રેષ્ઠ અને આદરણીય છે. ચૈતન્યની ઉત્કૃષ્ટ વીતરાગ પદવી પાસે જગતના બધાય પદ તુચ્છ છે. જગતમાં ઉત્તમ પુણ્ય પામેલા ઇન્દ્રો પણ તીર્થંકરના ચરણોમાં આદર અને બહુમાનથી મસ્તક ઝુકાવે તે એમ પ્રસિદ્ધ કરે છે કે પુણ્ય કરતાં વીતરાગતા પૂજ્ય છે.

હે પ્રભુ! આપના ચરણોની ભક્તિ પાસે મણિ-મુગટ અમને ઝાંખા લાગે છે. જગતનો વૈભવ અમને વહાલો નથી. અમને તો આપના ચરણોની ભક્તિ જ વહાલી છે. આપણે પણ વારંવાર ભક્તિ પૂર્વક બોલીએ છીએ ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગુ છું દેવાધિદેવા... હે દેવાધિદેવ! ભવોભવ મને આપના ચરણોની સેવા મળજો.

બીજી ગાથાના અંતમાં "<u>પ્રથમં જિનેન્દ્રમ્</u>" શબ્દો વડે આચાર્યશ્રી આપણું ધ્યાન દોરે છે કે ઋષભદેવ ભગવાન આ અવસર્પિણી કાળમાં વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર છે. ઋષભદેવ પહેલા આ ભરતક્ષેત્રમાં અસંખ્ય વર્ષોથી ભોગભૂમિ હતી એટલે મુનિપણું કે કેવળજ્ઞાન ન હતું. કલ્પવૃક્ષના ફળથી જીવન નિર્વાહ ચાલતો.

કાળક્રમે ભોગભૂમિનો કાળ પૂરો થતાં કલ્પવૃક્ષના ફળ બંધ થવા લાગ્યા અને લોકોને ખેતી વગેરે કાર્યોથી નિર્વાહ કરવાની જરૂર ઉભી થઈ. એવા યુગપરિવર્તનના કાળની આદિમાં ભગવાન ઋષભદેવ થયા અને તેમણે જીવોને માર્ગદર્શન આપ્યું.

હે ઋષભજિનેન્દ્ર! યુગની શરૂઆતમાં ભવસમુદ્રમાં ડૂબતા જીવોને આપ આલંબનરૂપ થયા. આપે અનેક જીવોને ભવસાગરથી તાર્યા. ભવસાગરમાં ડૂબતા જીવોને તરવા માટે આપનો ઉપદેશ આલંબનરૂપ છે.

આચાર્યશ્રી એ વાતની સ્પષ્ટતા કરે છે કે તીર્થંકરની વાણી જે જીવનમાં ઉતારે તે ભવસાગરમાં કદી ડૂબતા નથી. તેમાં સંસાર સાગર તરીને મોક્ષના કિનારા સુધી પહોંચવાનું સામર્થ્ય પ્રગટે છે. માટે જ કહ્યું કે હે પ્રભુ! આપ પાપ અંધકારનો નાશ કરનારા છો, ~~અને~~ પુણ્ય પ્રકાશનો ઉદ્યોત કરનારા છો, અને ધર્મની પ્રાપ્તિ કરાવીને ભવસમુદ્રથી તારનારા છો.

આમ પ્રથમ બે ગાથા દ્વારા શ્રી આદિનાથ ભગવાનના પવિત્ર ચરણકમળમાં ભાવ વંદન કરીને આચાર્યશ્રી માનતુંગસૂરીજી મંગલાચરણ કરે છે.

ભક્તે બનાવેલી સ્તવધુના

(સર્વસિદ્ધિદાયક શ્લોક)

બુદ્ધ્યા વિનાઽપિ વિબુધા-ર્ચિત-પાદ-પીઠ
સ્તોતું સમુદ્યત-મતિ- ર્વિગતત્રપોઽહમ્
બાલં વિહાય-જલ- સંસ્થિત- મિંદુ-બિંબ
મન્ય: ક ઇચ્છતિ જન: સહસા ગ્રહીતુમ (3)

<u>શબ્દાર્થ</u>: બુદ્ધ્યા વિના અપિ = બુદ્ધિ વગર પણ, વિબુધ = દેવ વડે, અર્ચિત = પૂજાયેલ, પાદપીઠ = પાદપીઠવાળા પ્રભુ!, સ્તોતુમ્ = સ્તવવા માટે, સમુદ્યત = તૈયાર, મતિર = બુદ્ધિવાળો, વિગતત્રપો = લજ્જા વગરનો, વિહાય = છોડીને, જલ સંસ્થિતં = પાણીમાં રહેલ, ઇન્દુ = ચંદ્રના અન્ય: ક ઇચ્છતિ = બીજો કોણ ઇચ્છે, સહસા ગ્રહીતુમ = એકદમ ગ્રહણ કરવા માટે.

<u>ગાથાર્થ</u>:
દેવોએ પૂજેલ પાદપીઠવાળા હે જિનેશ્વર દેવ! જેમ પાણીમાં પડેલા ચંદ્રના પ્રતિબિંબને એકદમ વગર વિચાર્યે પકડવા માટે બાળક સિવાય બીજો કોણ મનુષ્ય ઇચ્છા કરે?
તેમ યોગ્ય બુદ્ધિ ન હોવા છતાં, શરમ વિનાનો હું, આપની સ્તુતિ કરવા તૈયાર થયો છું. અર્થાત આપની સ્તવના એ મારી બાલ ચેષ્ટા છે.

<u>ભાવાર્થ</u>:
આ ગાથાથી પૂજ્ય માનતુંગસૂરીજી અત્યંત સરળ બનીને પરમાત્માને સીધું સંબોધન કરે છે.
હે પ્રભુ! દેવલોકના અસંખ્ય દેવો સાથે મળીને આપની

ભક્તિ કરે અને આપના ગુણગાન ગાય તો પણ થાકી જાય. અર્થાત તેમની પાસે આપના ગુણો વર્ણવવા માટે પુરતા શબ્દો નથી.

પ્રભુ! આ મહાન શક્તિશાળી દેવોની અપેક્ષાએ હું કંઈ જ નથી. પરંતુ આપના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને હું સ્તુતિ કર્યા સિવાય રહી શકું તેમ નથી.

પ્રભુ! આપની આગળ તો હું એક બાળક છું. ક્યાં આપનું કેવળજ્ઞાન અને ક્યાં મારી અલ્પબુદ્ધિ. હું મારી શક્તિની અને જ્ઞાનની અલ્પતાનો વિચાર નથી કરતો. હું તો આપની વીતરાગતા અને સર્વજ્ઞતાનો વિચાર કરું છું. તેથી સહજભાવથી મારા અંતરમાંથી સ્તુતિનું ઝરણું સ્ફુરે છે. આપના ગુણોની સ્તુતિ કરવામાં મને શી શરમ?

હે પ્રભુ! પહેલા મજાનો પુનમની રાતનો ચંદ્ર આકાશમાં ખીલ્યો હોય અને કોઈ સરોવરે પોતાના હૈયામાં ઝીલ્યો હોય ત્યારે બાળક પોતાના હાથ લંબાવીને ચંદ્રને પકડવાની ચેષ્ટા કરે છે. ક્યાં ઊંચે આકાશમાં રહેલો ચંદ્ર અને ક્યાં બાળકના હાથ!

હે સર્વજ્ઞ પ્રભુ! કેવળજ્ઞાનથી ઝગમગતા આપને ભેટવાને હું તો લેવા માટે મારા શ્રદ્ધા અને જ્ઞાનના બે હાથ લંબાવું છું. ક્યાં આપની સર્વજ્ઞતા અને ક્યાં મારી અલ્પજ્ઞતા! મારા હૃદય સરોવરની નિર્મળતામાં આપની સર્વજ્ઞતાનું પ્રતિબિંબ ઝીલાયું છે તેથી તેની પ્રાપ્તિ માટે આપની હું સ્તુતિ કરું છું.

હે પ્રભુ! જેમ આકાશમાંથી ચંદ્ર લેવાનું બાળકનો અશક્ય નથી લાગતું તેમ આપની આગળ હું નાનું બાળક

હોવા છતાં, આપના જેવું પરમપદ પ્રાપ્ત કરવામાં મને કંઈ અશક્ય નથી લાગતું કે લોકલાજ નડતી નથી.

આ ગાથામાં સ્વદોષ દર્શન કરવાથી પરગુણ દર્શન પ્રગટે છે તે તત્વજ્ઞાન છૂપાયેલું છે.

ગાથાની શરૂઆતમાં કહે છે "બુદ્ધ્યા વિનાઽપિ" એટલે કે બુદ્ધિ વગરનો અને બીજા પદના અંતમાં કહે છે "વિગતત્રપોઽહમ્" એટલે કે શરમ વગરનો હું...

અહીં કવિ પોતાની અલ્પજ્ઞતા અને પરમાત્માની સર્વજ્ઞતાનો પ્રેમથી સ્વીકાર કરે છે. હું તો એક બાળક છું મને વળી કોની શરમ? એમ કહીને પોતાની જાતને પ્રભુ ચરણે સમર્પિત કરે છે.

હે પ્રભુ! હું સમજુ છું કે જેમ આકાશનો ચંદ્ર નીચે નથી આવવાનો તેમ સિદ્ધ પરમાત્મા પણ નીચે નથી આવવાના. પરંતુ બાળક જેમ ચંદ્રના પ્રતિબિંબને જોઈને રાજી થાય છે તેમ મારા આત્મારૂપી દર્પણમાં આપનું અથિત આપના સિદ્ધત્વનું પ્રતિબિંબ નીરખીને હું પ્રસન્નતા અનુભવું છું.

પોતાની અલ્પજ્ઞતાને કારણે મારી સ્તુતિમાં કંઈપણ ખામી હોય તો એક નાના બાળકની પ્રવૃત્તિ ગણીને તેને નિભાવી લેવા પ્રભુને વિનંતી કરે છે.

હવે પછીના શ્લોકમાં આ સ્તુતિની ગંભીરતા દર્શાવે છે.

## સ્તુતિ કરવાની અશક્યતા
[જલ જંતુ ભયમોચક શ્લોક]

વક્તું ગુણાન્ ગુણ-સમુદ્ર ! શશાંક-કાંતાન્
કસ્તે ક્ષમ: સુરગુરુ - પ્રતિમોઽપિ બુદ્ધ્યા
કલ્પાંત - કાલ - પવનોદ્ધત - નક્રચક્રં
કો વા તરીતુ - મલમમ્બુનિધિં ભુજાભ્યામ્ (૪)

<u>શબ્દાર્થ:</u> વક્તું = કહેવા માટે, ગુણાન્ = ગુણોને, ગુણસમુદ્ર = ગુણના સાગર, શશાંક = ચંદ્ર જેવા, કાંતાન્ = મનોહર, ક: = કોણ, તે = તારા, ક્ષમ: = સમર્થ, સુરગુરુ = બૃહસ્પતિ, પ્રતિમો અપિ = જેવો પણ, બુદ્ધ્યા = બુદ્ધિ વડે, કલ્પાંતકાલ = પ્રલયકાળના, ઉદ્ધત = તોફાની, નક્ર = મગરમચ્છના ચક્રં = સમૂહવાળા, કો = કોણ, તરીતુમ્ = તરવા માટે અલમ્ = સમર્થ છે ?, અંબુનિધિં = સમુદ્રને, ભુજાભ્યામ્ = બે હાથ વડે.

<u>ગાથાર્થ:</u> હે ગુણસમુદ્ર !
પ્રલયકાળના પવનથી મગરમચ્છો ઉછાળા મારી રહ્યા છે. તેવા પાગલ બનેલા તોફાની સમુદ્રને પોતાના બે હાથ વડે તરીને સામે પાર જવા કોણ સમર્થ છે ?
તેમ ચંદ્ર જેવા મનોહર આપના ગુણોને વર્ણવવા માટે બૃહસ્પતિ જેવો પણ ક્યાં સમર્થ છે? અર્થાત્ આપના ગુણો કોઈ વર્ણવી શકે તેમ નથી.

<u>ભાવાર્થ:</u>
સમુદ્રમાં બે વિશેષતા છે, વિશાળતા અને ગંભીરતા.
ગુણો અને કરૂણાથી ભરેલો પરમાત્માનો સમુદ્ર વિશાળ,

શાંત અને ગંભીર છે. સાચા મોતી પણ સમુદ્રના ઊંડાણમાં જ ઉત્પન્ન થાય છે. પરંતુ મોહ, માયા, મમતા અને મૂર્છાથી ભરેલો ભવસમુદ્ર શાંત રહી શકતો જ નથી.

હે ગુણસમુદ્ર! સમુદ્રમાં જેમ પાણીના અનંત બિંદુઓ છે તેમ આપનામાં અનંત ગુણો છે. અરે! આ ગુણોનું વર્ણન કરવા દેવો કે દેવોના રાજા ઇન્દ્ર પણ શક્તિમાન નથી.

ભગવાનના ગુણો કેવા છે તે વાત સંત કબીર નીચેના દુહામાં કરે છે.

ધરતી કા કાગજ કરું, કલમ કરુ વનરાય
સાત સમુદ્ર કી શાહી કરું, હરિ ગુન લિખા ન જાય.

પૂજ્ય માનતુંગસૂરીજી આગળ કહે છે, પ્રભુ! આપના અપાર ગુણો વર્ણવવા જતાં મારી હાલત કેવી થાય? એમ કહીને એક કલ્પનાચિત્ર રજૂ કરે છે. જેમ પ્રલયકાળે ~~કલ્પાંત~~ એટલે ઉગ્ર પવન ફૂંકાશે કે દરિયાના મોટા મોટા મોજા સાથે મગરમચ્છનો સમૂહ પણ ઉછળશે. આવા ઉછળતા દરિયાને બે હાથે તરવા કોણ સમર્થ છે?

આ પંચમ કાળમાં, જ્યાં અવિરતિનો પવન ફૂંકાઈ રહ્યો છે, જ્યાં કષાયોના મગરમચ્છ સદાય ઉછાળા મારી રહ્યા છે એવા ભયંકર તોફાની સમુદ્રમાં શ્રદ્ધા અને જ્ઞાનના બે હાથ વડે, દિલમાં સંસાર સાગર પાર કરવાના અરમાન સાથે હું ભવસમુદ્ર તરવાનું સાહસ કરું છું. એમ આ શ્લોક દ્વારા પોતાનામાં રહેલું બાળપણું વ્યક્ત ને હૃદયની ઊંડી સંવેદના વ્યક્ત કરે છે.

પ્રભુ આપના ગુણો અપાર, એને કોણ પામે પેલે પાર?